# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

**1)** લોકસભા આજે 131મું બંધારણીય સુધારા સહિત ત્રણ વિધેયક પર ફરી ચર્ચા શરૂ કરાશે.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, નીતિ નિર્માણમાં મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું એ સમયની જરૂરિયાત.

**3)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સીમાંકન પછી દક્ષિણ રાજ્યોને 66 લોકસભા બેઠકો મળવાની ખાતરી આપી

**4)** સરકારે ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિઓનો દાવો કરતા વીડિયોને બનાવટી ગણાવ્યો.

**5)** ઇઝરાયલ અને લેબનોન વચ્ચે 10 દિવસનો યુદ્ધવિરામ અમલમાં આવ્યો.

**6)** IPL ક્રિકેટમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઇન્ડિયન્સને 7 વિકેટથી હરાવ્યું.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# LOK SABHA

લોકસભા આજે ત્રણ વિધેયક - બંધારણ (એકસો એકત્રીસમો સુધારો) વિધેયક, ૨૦૨૬, સીમાંકન વિધેયક ૨૦૨૬ અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૬ પર ચર્ચા ફરી શરૂ કરશે. ગઈકાલે મોડી રાત સુધી ચાલેલી આ લોકસભાની કાર્યવાહીમાં આ ત્રણેય વિધેયક પર ચર્ચા કરવામાં આવી. જેનો ઉદ્દેશ્ય લોકસભા અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓમાં મહિલા સભ્યોની સંખ્યા વધારવાનો છે.

આ ત્રણેય વિધેયક મતવિસ્તારોના સીમાંકનને સરળ બનાવવા અને લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવા માટેની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે રજૂ કરાયા હતા.

લોકસભામાં આ ત્રણ વિધેયક પર ચર્ચા દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો હતો કે દેશની વસ્તીના 50% લોકોને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને નીતિનિર્માણમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવું એ સમયની જરૂરિયાત છે

**(BYTE: NARENDR MODI, PM)**

જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે લોકસભામાં કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારા) વિધેયક, 2026 રજૂ કર્યું.

વિધેયક પર ચર્ચા દરમિયાન સંક્ષિપ્ત સંબોધનમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે સીમાંકન પછી દક્ષિણ રાજ્યો માટે લોકસભા બેઠકોની સંખ્યામાં ઘટાડા અંગે વિપક્ષની ચિંતાઓને ફગાવી દીધી હતી. શ્રી શાહે સ્પષ્ટતા કરી હતી કે પ્રસ્તાવિત કાયદો ખાતરી કરે છે કે કોઈપણ પ્રદેશ માટે બેઠકોમાં કોઈ ઘટાડો થશે નહીં અને દક્ષિણ રાજ્યોનું પ્રતિનિધિત્વ વધશે.

**(BYTE: AMIT SHAH)**

# PM-MACRON CALL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનનો ગઈકાલે ફોન આવ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, તેમની વાતચીત દરમિયાન તેમણે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરી અને હોર્મુઝ સ્ટ્રેટમાં તાત્કાલિક સલામતી અને નેવિગેશનની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરવાની જરૂરિયાત પર સંમત થયા. તેમણે ઉમેર્યું કે તેઓએ શાંતિ અને સ્થિરતાને આગળ વધારવા માટે ગાઢ સહયોગ ચાલુ રાખવાની પણ પુષ્ટિ કરી.

# VISIT OF THE CHANCELLOR OF AUSTRIA

ઑસ્ટ્રિયાના કુલપતિ ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકરે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મુલાકાત લીધી હતી.

ડૉ. સ્ટોકરનની પહેલી ભારત મુલાકાત પર આવકારતા, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ કહ્યું કે ભારત અને ઑસ્ટ્રિયા લોકશાહી અને કાયદા સુશાસન જેવા સામાન્ય મૂલ્યો પર આધારિત ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે.

રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે ભારત-EU મુક્ત વેપાર કરારના સમાપન પછી તરત જ થઈ રહેલી તેમની મુલાકાત ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચે વધતા વેપાર અને રોકાણ સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડશે.

ભારત-ઑસ્ટ્રિયા સ્ટાર્ટ-અપ સંધિના કારણે ઑસ્ટ્રિયન કંપનીઓ ભારતમાં ઉભરતા ક્ષેત્રો જેવાકે સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી અને AI માં તેનો વેપાર વધારી શકશે અને ભારતને ઊભરતા આ ક્ષેત્રોમાં વધુ વેપાર માટે રોકાણ મળશે.

# PIB FACT CHECK

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ છે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ-ચેકિંગ યુનિટે કહ્યું કે આ દાવો ખોટો છે અને આ વીડિયો પાકિસ્તાન સ્થિત સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પ્રસારિત કરવામાં આવી રહ્યો છે. યુનિટે કહ્યું કે આ વીડિયો સિલિન્ડર વિસ્ફોટની ઘટના સાથે સંબંધિત છે અને કોઈપણ પ્રકારની ઘરેલુ અશાંતિ અથવા હિંસા સાથે સંબંધિત નથી. યુનિટે નાગરિકોને વીડિયો શેર કરતા પહેલા અથવા તેના પર વિશ્વાસ કરતા પહેલા વિશ્વસનીય સ્રોતોમાંથી માહિતી ચકાસવાની સલાહ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# DELHI AIRPORT

દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગઇકાલે સ્પાઇસજેટ વિમાનની એક પાંખ અકાસા એર વિમાનની આડી પાંખ સાથે અથડાયું હતું. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) ના જણાવ્યા અનુસાર, આ ટક્કરથી સ્પાઇસજેટ વિમાનના જમણા પાંખ અને અકાસા એર વિમાનના ટ્રીમેબલ હોરિઝોન્ટલ સ્ટેબિલાઇઝરને નુકસાન થયું હતું. DGCA એ કહ્યું કે તે આ મામલાની વધુ તપાસ કરી રહ્યું છે.

# ISRAEL –LABONON

ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ગત રાત્રે 10 દિવસનો યુદ્ધવિરામ અમલમાં આવ્યો. આ યુદ્ધવિરામથી બૈરુતમાં ઉજવણી શરૂ થઈ ગઈ છે. યુદ્ધવિરામનો હેતુ બંને દેશો વચ્ચે રાજદ્વારી વાટાઘાટો માટે તક પૂરી પાડવાનો છે. અમેરિકા સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે આ યુદ્ધવિરામ ઇઝરાયલ અને લેબનોન વચ્ચે કાયમી સુરક્ષા અને શાંતિ કરાર તરફ સદ્ભાવનાપૂર્ણ વાટાઘાટોને સક્ષમ બનાવશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલ અને લેબનોન વચ્ચે 10 દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી. ટ્રમ્પે લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ ઓન અને ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથેની તેમની વાતચીતને સકારાત્મક ગણાવી. તેમણે કહ્યું કે બંને નેતાઓ શાંતિનો માર્ગ મોકળો કરવા માટે યુદ્ધવિરામ પર સંમત થયા છે. શ્રી ટ્રમ્પે 1983 પછી પહેલી વાર અર્થપૂર્ણ વાટાઘાટો માટે બંનેને વ્હાઇટ હાઉસમાં આમંત્રણ પણ આપ્યું છે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ...

(VC: લેબનન)

નેતન્યાહુએ કામચલાઉ યુદ્ધવિરામ માટે સંમતિ આપી હતી, પરંતુ ભાર મૂક્યો હતો કે ઇઝરાયલી સૈનિકો દક્ષિણ લેબનોનમાં રહેશે.

## TRUMP –IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવા માટે વપરાતા સમૃદ્ધ યુરેનિયમને સોંપવા માટે સંમત થયું છે. ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે બંને દેશો શાંતિ કરારની નજીક છે. તેમણે કહ્યું કે જો કોઈ કરાર થાય છે, તો તેલની અછત રહેશે નહીં, હોર્મુંઝ સ્ટ્રેટ ખુલ્લું રહેશે અને બધું બરાબર રહેશે.

ગયા અઠવાડિયે, પાકિસ્તાનમાં લાંબી શાંતિ વાટાઘાટો દરમિયાન અમેરિકા અને ઈરાન કોઈ કરાર પર પહોંચવામાં નિષ્ફળ ગયા. અમેરિકાએ જણાવ્યું હતું કે ઈરાને પરમાણુ બળતણને સમૃદ્ધ બનાવવાનો પોતાનો અધિકાર છોડવાનો ઇનકાર કર્યો હતો.

અગાઉ, ઈરાને યુરેનિયમ સંવર્ધન પર પાંચ વર્ષના સ્થગિતતાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને ટ્રમ્પ વહીવટીતંત્રે 20 વર્ષના સમયગાળા પર આગ્રહ રાખીને નકારી કાઢ્યો હતો.

ટ્રમ્પ વહીવટીતંત્રની અગાઉની માંગ હતી કે ઈરાન કાયમી ધોરણે સ્થાનિક સંવર્ધન બંધ કરે, કારણ કે આ ઈરાનને પરમાણુ શસ્ત્રો બનાવવાની ક્ષમતા પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો કરી શકે છે. ઈરાને સતત કહ્યું છે કે તે પરમાણુ શસ્ત્રો શોધતો નથી અને તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ હેતુઓ માટે છે.

# MEGHALAY

મેઘાલયના લુમ્પોંગડેંગ ટાપુ પર પ્રસ્તાવિત પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ સામે ગઇકાલે આઠમા દિવસે પણ વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યું હતું . ગ્રીન ટેક ફાઉન્ડેશન-GTF ના સભ્યો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે અને પ્રોજેક્ટમાં ફેરફારની માંગ કરી રહ્યા છે. GTF સભ્યો શિલોંગમાં ધરણા અને અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ કરી રહ્યા છે. સચિવાલયની બહાર પ્રદર્શન દરમિયાન ત્રણ વિરોધીઓ સામે FIR દાખલ કરવામાં આવી હતી.

રાજ્યના પ્રવાસન મંત્રીને સુપરત કરાયેલી અરજીમાં, ફાઉન્ડેશને ચિંતા વ્યક્ત કરી હતી કે, પ્રોજેક્ટ હેઠળ કાયમી બાંધકામ પર્યાવરણીય ધોરણોનું ઉલ્લંઘન કરશે અને ઇકોલોજીને અસર કરશે. પ્રવાસન વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, કોઈ કાયમી બાંધકામ બનાવવામાં આવશે નહીં.

મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમા, એ પહેલાથી જ સ્પષ્ટતા કરી દીધી છે કે પ્રોજેક્ટ કરાર મુજબ, લુમ્પોંગડેંગ ખાતે કોઈ કાયમી બાંધકામ કાર્ય થશે નહીં.

# IPL

IPL ક્રિકેટમાં, ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી લીગ મેચમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટથી હરાવ્યું. વિજય માટે 196 રનનો પીછો કરતા, પંજાબ કિંગ્સે 7 વિકેટ હાથમાં અને 21 બોલ બાકી રહેતા લક્ષ્યને પૂર્ણ કર્યું.

આજે, ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ગુજરાત સમાચારે હોર્મુંઝ પર અમેરિકાની નાકાબંધીએ ચીન અને ભારત પર દબાણ વધાર્યું ના સમાચાર ને મુખ્ય હેડલાઇન બનાવી છે. અમેરિકા અને ઈરાન યુદ્ધથી ભારતેને ફટકો અર્થતંત્ર ચોથા ક્રમે થી ગગળી છઠા સ્થાને બોક્સમાં છાપ્યા છે
- સંદેશએ જે બિલનો વિરોધ કરશે તેમણે ભોગવવું પડશે -મોદી,ને મુખ્ય પાન પર સ્થાન આપ્યું છે અને ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે યુદ્ધ વિરામ, 34 વર્ષ બાદ મંત્રણાને પ્રથમ પેજ પર છાપ્યું છે કોર્પોરેશનમાં બેન્ક બેન્ચર્સનું રાજય -વડોદરા -રાજકોટના 168 ઉમેદવારો કોલેજના પગથિયાં પણ ચડયા નથી ને છેલ્લા પાન પર છાપ્યા છે

- ફૂલછાબે સીમાંકનમાં કોઈ રાજય સાથે ભેદભાવ નહિ -મોદી ની ગેરંટી ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે અને વીટોનો દાયરો વધારો -UNSCમાં ભારતની માંગ ની સાથે -- તૈયાબના બીજા મુખ્ય આતંકી હમઝા ઉપર ગોળીબાર ના સમાચાર ને મુખ્ય પેજ પર છાપ્યા છે
- બિન હરિફની બોલબાલા ગુજરાતની નવી રાજનીતિની નવી પરંપરા ને છેલ્લા પાન પર સ્થાન આપ્યું છે

-------------------------------------